**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૭ ટકા ● સાંજે ૨૨ ટકા

# કડી કેમ્પસમાં અભ્યાસ માટે આવેલી અમેરિકન દીકરી અનિકાને વિદાય અપાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના કડી કેમ્પસ ખાતે આવેલી એમ.બી.પટેલ સ્કુલમાં અમેરિકન ફિલ્ડ સર્વિસ (એ.એફ.એસ) યોજના હેઠળ એક્ષચેન્જ પ્રોગ્રામમાં અમેરિકન સિટીઝન ૧૬ વર્ષીય દીકરી અનિકા ચેમ્પે વિદ્યાર્થીની તરીકે આવેલી હતી. કોરોના વાયરસના કારણે ગાંધીનગરમાં ફસાયેલી અમેરિકન પરિવારની એકની એક દીકરીને આજે ગુજરાત સરકાર અને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરના અથાગ પ્રયત્નો થકી ભારત સરકાર દ્વારા અમેરિકા ખાતે માતા-પિતા પાસે જવાની સુવિધા અનિકાને કરી આપવામાં આવી છે. આજે દીકરીને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલે મુલાકાત લઈ તેને અમદાવાદ એરપોર્ટ સુધી મુકી જવાની સુવિધા કરી આપી અશ્રુભીની આંખે વિદાય આપી છે.

રાજયના પાટનગર ગાંધીનગરમાં આવેલા કડી કેમ્પસની એમ.બી.પટેલ સ્કુલમાં અમેરિકન દીકરી અનિકા ચેમ્પે અભ્યાસ અર્થે ૧૦ માસના રોકાણ માટે આવી હતી. ગાંધીનગર ખાતે તે સેકટર-૩માં રહેતા વારૂણી બુચ તથા જયંતભાઈ બૂચનાં ઘરે રહેતી હતી. અનિકાને આ પ્રેમાળ બુચ પરિવાર સાથે દીકરી જેવા આત્મીય સંબંધો બંધાઈ ગયા હતા. બુચ પરિવારના પુત્ર મેઘ અને કૃતાર્થ સાથે પણ તે બહેનની






જેમ હળી મળી ગઈ હતી.

અનિકા થોડાક સમય પહેલા પોતાના માતા-પિતાને મળવા માટે અમેરિકા ગઈ હતી. ત્યારબાદ તેને બુચ પરિવારની ખૂબ યાદ આવતાં તે વેકેશન માણવા માટે તા.૫/૨/૨૦૨૦ના રોજ અનિકા અમેરિકાથી ગાંધીનગર ખાતે વેકેશન માણવા માટે આવી હતી. આ દરમ્યાન COVID-19ની મહામારીનું સંકટ ઉભું થયું હતું. અનિકા અમેરિકા ખાતે મોન્ટાસા સ્ટેટમાં બોગ્મેના સિટી ખાતે રહેતા મા-બાપની એકની એક પુત્રી છે. આથી અમેરિકા ખાતે રહેતા માતા-પિતાને પણ તેણીની ચિંતા સતત થતી હતી. આથી બુચ પરિવારે વહેલાસર આ દીકરીને પરત અમેરિકા મોકલવી ખૂબ જરૂરી હતી. આથી બુચ પરિવારે આ બાબતે ભારત સરકાર, ગુજરાત સરકાર તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું. તેનું ચેકઅપ પણ કરાવ્યું હતું. ભારત સરકાર, ગુજરાત સરકાર તેમજ મેયરશ્રી, ગાંધીનગરના સંયુકત પ્રયાસોને કારણે આજે તા.૧૫/૪/૨૦૨૦નાં રોજ તેણીને પરત અમેરિકા જવું શકય બન્યું હતું આથી તા.૧૫/૪/૨૦૨૦નાં રોજ ચાર્ટર ફલાઈટમાં અન્ય અમેરિકન મુસાફરો સાથે તેણીને અમદાવાદથી મુંબઈ અને ત્યારબાદ મુંબઈથી અમેરિકાની ફલાઈટમાં જવુ શકય બન્યું છે.

મેયરશ્રી, ગાંધીનગર શ્રીમતી રીટાબેન પટેલે આજ તા.૧૫/૪/૨૦૨૦નાં રોજ સવારે બુચ દંપતિના ઘરે જઈ કુમારી અનિકા ચેમ્પને શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે સાથે કોરોના મહામારીનું આ સંકટ પૂર્ણ થયા પછી તરત તેના માતા-પિતાના સમાન બુચ દંપતિના ઘરની સાથે ગાંધીનગરના મહેમાન બનવા આમંત્રણ આપ્યું હતું અને ખુદ મેયરશ્રીની પોતાની ગાડીમા ગાંધીનગરની મહેમાન અમેરિકન દીકરીને અમદાવાદ એરપોર્ટ સુધી મોકલવાનું સૌજન્ય દાખવી ભારત, ગુજરાત તેમજ ગાંધીનગરનું ગૌરવ વધે તેવી વિવેકપૂર્ણ સૌજન્યતા દાખવેલ છે.

## સે-૩ ન્યુ ખાતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ



કોરોના વાઈરસને પગલે સર્જાયેલી હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાગરિકોને કોરોના સામે લડવામાં મદદરૂપ થાય તે માટે અને શરીરમાં રહેલી રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે સેક્ટર ૩ ન્યુ ખાતે વસાહત મંડળ દ્વારા આયુર્વેદિક ઉકાળાના વિતરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

# ભલે લૉકડાઉન હોય પણ ટેલિફોનનું બિલ તો ભરી જવું જ પડશે..!!

### બીએસએનએલ માટે ગ્રાહકોની સેવા કરતા બિલના નાણાંની ઉઘરાણી વધુ અગત્યની : લૉકડાઉનમાં પણ ગ્રાહકોને બિલ ભરી જવા મેસેજ કરવામાં આવી રહ્યાં છે

ગાંધીનગર, તા.૧૫

ભારતભરમાં કોરોના કટોકટીના પગલે લૉકડાઉન લાગુ પડેલું છે અને જ્યારથી લૉકડાઉન લાગુ પાડવામાં આવ્યું છે ત્યારથી નાગરિકોના નોકરી કામધંધા વ્યવસાય બંધ થઈ જવાને કારણે સરકાર દ્વારા ઘણી બધી છૂટછાટ જાહેર કરવામાં આવી છે જેમ કે લોનના હપ્તા ભરવા માટે બેન્કમાં ત્રણ માસ સુધી મુક્તિ આપવામાં આવી છે તેમજ ઈન્કમટેક્સ અંગેની કેટલીક પ્રક્રિયામાં ૩૦મી જૂન સુધી મુદત લંબાવી દેવામાં આવી છે. જો કે બીજી તરફ કેન્દ્ર સરકારની જ ટેલિકોમ કંપની ભારત સંચાર નિગમ લિમિટેડ દ્વારા આ પરિસ્થિતિમાં પણ ગ્રાહકો પાસે ગત માસના બિલનાં નાણાંની સતત ઉઘરાણી કરવામાં આવી રહી છે.

બીએસએનએલ દ્વારા તેના ગ્રાહકો પાસેથી લેન્ડલાઈન સહિતના બિલોનું ચૂકવણું કરી દેવા માટે ગ્રાહકોને વારંવાર એસએમએસ કરીને રિમાઈન્ડર મોકલવામાં આવી રહ્યા છે. કોરોના વાયરસ સંક્રમણને ભીતિ હોવા છતાં લૉકડાઉનના સમયમાં પણ બીએસએનએલ દ્વારા અમુક સમય માટે પોતાની ઓફિસ ખુલ્લી રાખીને તે સમય દરમિયાન ગ્રાહકો બિલના નાણાં ભરી જાય તે માટે આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. ગાંધીનગરમાં પણ સેકટર-૧૧ ખાતે આવેલી બીએસએનએલની આ કટોકટીના સમયમાં ઓફિસ ગ્રાહકોને આમ તો જરૂરી સેવાઓ આપવા ચાલુ રાખવાને બદલે બંધ કરી દેવામાં આવી હતી પરંતુ હવે બિલના બાકી નાણા ઉઘરાવવા માટે આ ઓફિસ નિશ્ચિત સમય બપોરના ૧૧ થી ૩ કલાક દરમ્યાન માટે ખોલવામાં આવી રહી છે.

આ સમયે જયારે એક તરફ દેશના કોરોના વોરિયર્સ જીવના જોખમે લડત આપી રહ્યાં છે અને બીજી તરફ દેશનાં સેવાભાવી નાગરિકો પણ પોતાનાથી શક્ય હોય તેટલી જરૂરીયાતમંદોની સેવા કરીને પોતાનું યોગદાન આપી રહ્યાં છે ત્યારે બીએનએલ માટે આ સમયે ગ્રાહકોને ખૂબ જ ઉપયોગી એવા ટેલિફોનને લગતી જરૂરી સેવા માટે ઓફિસ ચાલુ રાખવાનું યોગ્ય જણાયું. નથી. બીએસએનલ માટે ગ્રાહકોની સેવા અગત્યની નથી પરંતુ બિલના નાણાં ઉઘરાવવા અગત્યના બની રહ્યાં હોવાનું પ્રતિત થતાં ગ્રાહકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

## ડૉ.આંબેડકર જયંતિએ સેનવા રાવત વિકાસ સંઘે જરૂરીયાતમંદોને ભોજન પીરસ્યું



ગાંધીનગર, તા. ૧૫

ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ પર્વ પ્રસંગે 'ગુજરાત સેનવા રાવત વિકાસ સંઘ'ના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પુનમભાઈ મકવાણાના સૌજન્યથી અમદાવાદના વાડજ ખાતે આવેલ સેવા વસ્તીમાં તૈયાર ભોજન વિતરણ નો કાર્યક્રમ ભાજપ અનુસૂચિત જાતિ મોરચાની કાર્ય યોજના અન્વયે યોજાયો હતો જેમાં અંદાજે ૪૦૦ જેટલાં જરૂરીયાતમંદોને ભોજન પીરસવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સેનવા રાવત વિકાસ સંઘના ઉપપ્રમુખ ચંદન રાણા, મહામંત્રી અમૃતભાઈ પરમાર ફ્લુ(ચાંદખેડા), સામાજીક કાર્યકર્તાઓ ભરતભાઈ ઠાકોર, સુનીલકુમાર રાવત, કિશોરભાઈ, યોગેશભાઈ, પપ્પુભાઈ, પ્રવીણભાઈ, પ્રકાશભાઈ, આર કે રાવત વગેરે ઉપસ્થિત રહ્યા હતા.




લૉકડાઉનના પગલે જિલ્લાઓની સરહદો સીલ કરી દેવાઈ છે. રોગચાળો વધુ ન પ્રસરે તે માટે રક્ષાશકિત સર્કલે પોલીસ તહેનાત કરી દેવાઈ છે. તેઓ દિવસ-રાત આવતા જતા વાહનોનું સઘન ચેકીંગ કરી રહ્યા છે.

## જલારામ સેવા સમાજ દ્વારા તમામ પ્રવૃતિઓ ૩ મે સુધી મોકુફ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં કોરોના એ હાહાકાર મચાવ્યો છે. ત્યારે નાગરીકોની અવરજવર ઓછી કરવા માટે જાહેર સ્થળો પર તંત્રની અમલવારીના ભાગરુપે દર્શાનાર્થીઓ માટે મંદિર અને સદાવ્રત તા.૨૨ માર્ચથી બંધ કરી દેવાયુ છે. સેકટર-૨૩ અને સેકટર-૨૯ માં ધ્યાને આવેલા કોરોનાના પોઝીટીવ કેસોની સંખ્યા જોતા તંત્ર દ્વારા મુકવામાં આવેલા નિયંત્રણોનું ચુસ્ત પાલન કરવુ જાહેર હિતમાં અનિવાર્ય છે. જેથી મંદિર પરિસરમાં બે કે ચાર વ્યકિતએ એકઠા ન થવા જણાવવામાં આવે છે. ૩ મે સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું છે ત્યારે જલારામ મંદિર સેકટર-૨૯ દ્વારા તમામ પ્રવૃતિઓ જેમ કે દર્શન, સદાવ્રત, રસોડુ, ઉત્સવો, સહિત આગામી તા.૩-૫-૨૦ સુધી બંધ રાખવામાં આવે છે. તેમ જલારામ સેવા સમાજના પ્રમુખ સેવંતિલાલ જે ઠક્કરે જણાવ્યું છે.




આખા વર્ષનું અનાજ અને મસાલા ભરવાની સીઝન ચાલી રહી છે. જો કે અત્યારે લૉકડાઉનનો સમયગાળો હોવા છતાં સેકટર-૨૪ના શોપીંગ સેન્ટરમાં લોકો સિઝનલ ઘઉં-ચોખા અને અન્ય ચીજવસ્તુઓ ભરાવવા આવી રહ્યા છે.

## ગાંધીનગરમાં રીક્ષા ચાલકો અને ગુટખાના વેપારીઓ પોલીસની ઝપટે

ગાંધીનગર, તા.૧૫

કોલવડા ગામે એક મહિલાને કોરોના પોઝીટીવ આવ્યા બાદ ગામમાં નાકાબંધી કરીને દવાનો છંટકાવ સર્વે સહિતની કામગીરી શરુ કરાઈ છે. તેમ છતા કોલવડા ગામે પટેલ ભાગોળે બે ટોળા જોવા મળ્યા હતા. ગંભીર પરિસ્થિતિમાં પણ બહાર નીકળીને કામ વિના એકઠા થઈને બેસી રહેલા ૧૦ નાગરીકો સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે. કોલવડા ગામમાં એકઠા થઈને બેઠેલા ગ્રામજનોમાં ચેતન ઈશ્વરજી ઠાકોર, તલસંગજી રામાજી ઠાકોર, સુરેશ બળદેવભાઈ પટેલ, પ્રવિણભાઈ કેશવલાલ પટેલ, પ્રદિપસિંહ પ્રવિણસિંહ વાઘેલા, ભરતસિંહ નટવરસિંહ વાઘેલા, દિગ્વિજયસિંહ વિક્રમસિંહ વાઘેલા, જયપાલસિંહ વિક્રમસિંહ વાઘેલા, વનરાજસિંહ ઘનશ્યામસિંહ વાઘેલા, રાજેશ મંગળભાઈ રાવળનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગાંધીનગરના ૧૫ જેટલા શખ્સો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો છે. જેમાં ચિલોડા પાસેથી પીકઅપ ડાલામાં મુસાફરો બેસાડીને નીકળેલા મહેશભાઈ વાલજીભાઈ ચાવડા (રહે, નારોલ) તેમજ પુન્દ્રાસણ ચોકડી પાસે રીક્ષામાં મુસાફરો ભરીને નીકળેલા કરણજી રમણજી ઠાકોર સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાદરાથી ૧, રૂપાલ ગામે થી ૩, સેકટર-૨૮ બગીચા પાસેથી ૩, સે-૪ થી ૧, કુડાસણ શ્યામ શુકન રેસિડન્સી પાસેથી ૨, સેકટર-૨૫ વિવેકાનંદ સોસાયટી પાસેથી ૩ નાગરીકોને જાહેરનામા ભંગ બદલ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





લૉકડાઉનના સમયમાં પોસ્ટ વિભાગની કામગીરી ચાલુ રહી છે.અહીં આવતા ગ્રાહકો પણ સામાજિક અંતરનું ધ્યાન રાખી કામગીરી કરી રહ્યા છે.

# આ લૉકડાઉનમાં શહેરીજનો પોતે જ પોતાના બ્યુટીશીયન બની રહ્યા છે

ગાંધીનગર, તા.૧૫

લૉકડાઉનનો સમયગાળો હવે ૧૪ એપ્રિલ થી ૩ મે સુધી લંબાવાયો છે. શહેરીજનો પોત પોતાના ઘરમાં જ રહી પોતાની રોજિંદી ક્રિયા ઉપરાંત અલગ-અલગ ઈત્તર પ્રવૃત્તિ કરી સમય પસાર કરી રહ્યા છે. આ સાથે પોતાની સ્કીન અને હેરની સાર સંભાળ રાખવા માટે હવે ઘરગથ્થુ નુસ્ખા અપનાવી રહ્યા છે. હેર સલૂન કે બ્યુટી પાર્લર હાલ ખૂલી શકે તેમ નથી જેથી સૌ પોતે જ પોતાના બ્યુટી શીયન બની રહ્યા છે.

૨૧ દિવસ લોક ડાઉન પૂરું થશે અને અમે બ્યુટીપાર્લરમાં જઈશું એવું કહેતી બહેનો હવે આ લંબાવાયેલા લોક ડાઉનને પગલે ઘરની બહાર નીકળી જ નહીં શકે જેન લીધે તેઓ હવે ઘેરબેઠા ઘરેલુ નુસ્ખા અપનાવી ફેશિયલ કીટ અને હેડ બેગ બનાવી પોતાની ત્વચા તથા વાળ ને સ્વચ્છ રાખી રહી છે. ઉપરાંત ભાઈઓ પણ શેવિંગ સાથે હવે ઘરે જ હેરકટ પણ કરતાં



ઉનાળામાં હેર વધે એટલે ગરમી વધુ લાગે છે આમ તો હું સલૂનમાં જ જઈને હેરકટ કરાવું છું પણ આ લૉકડાઉનના એક્સ્ટેંશન થયા બાદ કોઈ ઓપ્શન જ નથી એટલે મારા પપ્પાને પહેલા ઓનલાઈન હેર કટ ટ્યૂટરિયલનો વિડીયો બતાવી દીધો અને રીક્વેસ્ટ કરી કે પ્લીઝ મને હેર કટ કરી આપો અને ઓનલાઈન વિડીયો જોઈને પપ્પાએ સલૂન જેવા તો નહીં પણ હેર કટ તો સારા જ કરી આપ્યા.

જણાઈ રહ્યા છે. જેની સાક્ષી સોશિયલ મીડિયામાં ફરતા ફોટા પુરે છે.

આજકાલ યૂ-ટ્યુબ પરથી હેર કટનો વિડિયો જોઈ હેર કટ કરવા તથા હેરકટ ચેલેન્જ અપનાવવી તે દલગોના કોફી ચેલેન્જની જેમ જ ફેમસ બની છે. ભાઈઓ સાથે બહેનો પણ હવે ઘરમાં જ બ્યુટી ટિપ્સ અપનાવીને આ લૉકડાઉનના સમયને સારી રીતે પસાર કરી રહી છે કોઈ પોતાના તો કોઈ ઘરના સદસ્યના હેર કટ કરતા વીડિયોમાં નજરે ચઢી રહ્યું છે. પિતા-પુત્ર કે મા-દીકરી એકબીજાને હેર કટ કરવાની સાથે ઓનલાઈન ટ્યુટોરિયલ જોઈને છોકરીઓ તો પોતે જ પોતાને હેર કટ કરી રહી છે. આ સાથે ઘરમાં રહેલી રસોડાની ચીજ વસ્તુઓમાંથી ફેસ પેક, સ્ક્રબ, ફેસ માસ્ક, હેર માસ્ક, ઓર્ગેનિક ક્રીમ જેવી ચીજવસ્તુઓ બહેનો ઘરમાં જ બનાવી રહી છે અને પોતાની સુંદરતા જાળવી રહી છે. ઈન્ટરનેટમાં દર્શાવેલા એક સ્ટડી મુજબ લૉકડાઉન બાદ સલુનમાં ભીડ જામશે પરંતુ ત્યાં ચેપ લાગવાના ચાન્સ સૌથી વધુ છે કારણ કે અમુક પ્રોફેશનલ સલૂનમાં તો ચહેરાને કપડાંથી સાફ કરવામાં આવે છે પરંતુ અમુક સલૂન કે બ્યુટીપાર્લરમાં ચહેરો સાફ કરવા માટે કપડાનો ઉપયોગ થાય છે એનો જો એક કરતાં વધુ વ્યક્તિ ઉપર આ કપડાં નો ઉપયોગ કરવામાં આવે તો તે ચેપ ફેલાવી શકે છે.

આમ સજાગ શહેરીજનો કોરોનાથી બચવા માટે ઘરે રહીને પોતાના સ્વાસ્થ્ય સાથે ત્વચા અને વાળની સારસંભાળ લઈ રહ્યા છે. અને સાથે સોશિયલ મીડિયામાં તમામ ફોટો અને વિડીયો શેર કરી રહ્યા છે.